

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ખેડૂ - ભલાઈના (!) 'કાયદા' સમજતા કેમ નથી?*
*'આય બમણી' ના 'ફાયદા' સમજતા કેમ નથી?*
*સમજતા કેમ નથી ! 'વાયદા' વેપારી સાથેના?*
*તંત્રની પણ હોય, 'મર્યાદા' સમજતા કેમ નથી*
*(ખેડૂતો હિતમાં 'બિલ' છે તો વિરોધ કેમ થાય છે?)*

**હાઈકુ**

*કરે છે કેમ ?*
*ખેડૂતો આંદોલન -*
*જાત વિરુદ્ધ !!*

*બેમાંથી એક -*
*કોઈ, તો કોઈક ને-*
*બનાવે મૂર્ખ !!*

## ચિંતન

**વ્યાઘ્રં દત્વતાં વયં પ્રથમં જમ્ભયામસિ ।**
**આદુષ્ટેનમથો અહિં યાતુધાનમથો વૃકમ્ ॥**

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

દુષ્ટ સ્વભાવવાળાં હિંસક પ્રાણીઓ તથા ચોરને બદમાશોનો નાશ કરવો ધર્મ છે. રોગ અને દોષોનું નિવારણ હંમેશા કરતા રહેવું જોઈએ.

માનવ શરીરમાં જીવાત્માની સાથે પરમાત્માનો પણ વાસ છે. જીવાત્મા કર્મ કરે છે અને કર્મફળ ભોગવે છે. પરમાત્મા મનુષ્યનાં બધાં કર્મોને જોતા રહે છે. સત્કર્મ કરવાથી મનુષ્યને આંતરિક શાંતિ અને ઉલ્લાસ પ્રાપ્ત થાય છે. દુષ્કર્મ કરવાથી અંદરની નફરત તથા ક્ષોભનો ભાવ જાગૃત થાય છે.

જેમ સિંહ, સાપ, વરુ, જેવા હિંસક પશુઓથી સમાજની રક્ષા કરવી એ આપણો ધર્મ છે, એ જ પ્રમાણે દુષ્ટ તથા દુરાચારી માણસોનો નાસ કરીને સમાજમાં સુખ શાંતિની સ્થાપના કરવી એ આપણી જવાબદારી છે.

## સુવિચાર

- જબ કદમ થક જાતે હૈ, તો હોંસલા સાથ દેતા હૈ,
  જબ સબ મુંહ ફેર લેતે હૈ, તો ખુદા સાથ દેતા હૈ - **શરદ પાંડે**
- ઈશ્વરની સાથે જે સોદો કરવા માંગે છે, તેમની પ્રાર્થના ઈશ્વર સાંભળતો નથી - **ગાંધીજી**
- ભૂલ કરવી એ જો તમારો હક્ક હોય તો ભૂલ સુધારવી એ તમારી ફરજ છે - **જીવનપાથેય**
- પ્રથમ તમે પોતે જ તમારા મિત્ર થાઓ એટલે બીજાઓ, પણ થશે - **યહૂદી કહેવત**
- આજકાલનું દાંપત્ય એટલે ડ્રોઈંગરુમમાં હસવાનું અને બેડરુમમાં ભસવાનું - **સુરેશ દલાલ**
- પૂરેપૂરો વિચાર કરી જે માણસ પગલું ભરવામાં માને છે એ
  માણસ આખી જિંદગી એક પગ પર જ ઊભો રહે છે - **ચીન કહેવત**
- આજનું ઔષધ : નાગરવેલના એક પાનમાં સમાય તેટલો બાફેલી સરગવાની સીંગનો ગર ભરી તે પાન ખાવાથી પેટનો ગેસમાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

એક ચિત્રકારની સુવાની મચ્છદાનીમાં નાનકડું કાણું પડ્યું. એને સીવવાનું ફાવે નહીં. એણે એ જગ્યાએ કાણું પડ્યું હતું એની બરાબર સામેની બાજુએ એ જ સાઈઝનું કાણું કાતર વડે પાડ્યું. પછી ઘરમાં પડેલી એક રબરની પાઈપ એણે કાણામાં ઘુસાડીને સામેના કાણામાંથી પસાર કરી. આઈડિયા એવો કર્યો કે જો મચ્છર આ પાઈપમાં ઘૂસે તો સામેની બાજુએથી બહાર નીકળી જાય. મચ્ચર નીચે સૂઈ રહેલા ચિત્રકારનું લોહી પી ન શકે. વિચારવા જેવી વાત કે આવી એક પાઈપ આપણા સૌના મગજમાં પણ હોય તો કેવું સારું પડે ! જે વાતો દશ્ય મચ્છર જેવી લોહી પીનારી, પરેશાન કરવા વાળી હોય એને મગજમાં ઘૂસવા જ નહીં લેવાની અને સીધેસીધી પેલી પાઈટમાંથી પ્રવેશીને મગજને સ્પર્શ્યા વિના, બીજા છેડેથી બહાર. આપણે એટલું કરવાની જરૂર છે : સતત યાદ રાખો કે તમે જે સાંભળો, વિચારો, અનુભવો છો એમાંથી જે કંઈ મગજમાં પ્રવેશવાને લાયક ન હોય, એ બધી જ, મગજની ભૂંગળીના એક છેડેથી પ્રવેશીને, બણબણાટ કરતી બીજે છેડે બહાર નીકળી રહી છે એવી કલ્પના કરો. આવું કરવાથી મગજ ચોખ્ખું, સ્ફુર્તિલું અને મોકળાશ ભર્યું બની રહેશે. આ પાઈપ મગજને ઉકરડો બનવામાંથી બચાવે છે.

# કોરોનાને નાથવાનો કોઈ કીમિયો કારગત નથી નીવડ્યો

**તંત્રીસ્થાનેથી...**

કોરોનાના નવા કેસ છેલ્લા દિવસોથી સતત ઘટતા રહે છે અને સાજા થનારાની સંખ્યા નવા કેસોની સરખામણીમાં વધારે રહ્યા કરે છે તે ઘણી રાહતની બાબત છે. જો કે પ્રશ્ન એ છે કે શું ખરેખર જેટલા કેસ 'પોઝિટિવ' આવ છે એની સાચી સંખ્યા જાહેર કરવામાં આવે છે ખરી ? વડોદરામાં કોંગ્રેસના કાર્યકરોએ અર્બન હેલ્થ સેન્ટરો બહાર ઊભા રહી જેટલા કેસ 'પોઝિટિવ' થઈને નીકળ્યા હતા એમને કીટ આપવાનો કાર્યક્રમ રાખ્યો હતો. ગણતરીનાં આરોગ્ય કેન્દ્રોમાં આ સર્વેક્ષણ થયું તો પણ સરકારી આંકડા કરતાં બમણાં પોઝિટિવ દરદીઓને કીટ વિતરણ થયું તે સૂચવે છે કે આખી બાબતમાં કંઈક ગરબડ તો છે જ. શરૂથી જ સરકારનો તો અભિગમ એ જ રહ્યો છે કે લોકો ડરી ન જાય એટલા માટે શક્ય એટલા ઓછા આંકડા બતાવવા. અમદાવાદના ભૂતપૂર્વ મ્યુનિ. કમિશનર વિજય નેહરાએ કોરોનાની સંભવિત વ્યાપકતા વિશે નિવેદન કર્યું એટલે એમને સંક્રમિત સ્ટાફની સાથે મિટિંગના બહાને રજા પર ઉતારી દેવાયા હતા. એ પછી અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તાએ એમને દંડો ચલાવીને 'અમદાવાદ મોડેલ' ને રાષ્ટ્રી અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધિ તો અપાવી, પરંતુ કોરોના તો એનું પોત પ્રકાશીને જ રહ્યું, ભારતનું કોરોના ભવિષ્ય સલામત નથી એવું નિવેદન કોઈ જયોતિષીએ નથી કર્યું પરંતુ જર્મન તબીબે કર્યું છે. સૌથી વધુ જોખમ ભારતને વેઠવાનું છે અને એ પછી દક્ષિણ અમેરિકા તથા યુરોપના કેટલાક દેશોનો નંબર આવે છે - એવો સ્પષ્ટ અહેવાલ આપનાર જર્મન તજજ્ઞ કંઈ ભારત સરકારનો દુશ્મન નથી. એણે જે દેખાય છે તે જ કહે છે. સામા પક્ષે કેન્દ્રીય મંત્રીઓ તો મોદી સાહેબના કુશળ નેતૃત્વમાં 'સમયસર'ના લોકડાઉનને કારણે આપણે બચી ગયા એ જ મોટી વાત છે, આપણો મૃત્યુદર અન્ય દેશોની સરખામણીમાં સૌથી ઓછો છે, એવાં આકડાં જાહેર કરી સરકાર જાતે જ પોતાની પીઠ થાબડતી રહે છે. પરંતુ સાથે જ પેલી શંકા તો રહ્યા જ કરે છે : શું ખરેખર સરકારીતંત્ર મૃત્યુના સાચા આંકડા જાહેર કરે છે ? અમેરિકા જેવું પારદર્શક લોકતંત્ર આપણે નથી બની શક્યા તે કડવી હકીકત સ્વીકાર્યે જ છૂટકો છે. કોરોનાના પીક પોઈન્ટ પર પહોંચ્યા પછી ધીમે ધીમે એ શમી જશે એવી અપેક્ષા અને ગણતરીઓ ખોટી પડી છે. કોરોનાની રસી ઉપલબ્ધ થયા પછી જ એને નાથી શકાશે. પ્રશ્ન એ થાય કે શું આપણી સરકાર પણ અમેરિકાની જેમ એ રસી દરેક નાગરિકને વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવી શકશે? સરકારને પણ આ સાચી હકીકતની જાણ છે. એટલેજ એ બાળકો માટે શાળાઓ ખોલવાની કે મલ્ટિપલ સિનેમાગૃહો ચાલુ કરવાની બાબતે અવઢવમાં રહ્યા કરે છે. કયારેક કોરોના નિયંત્રણમાં છે એવું લાગે કે બીજા જ અઠવાડિયે કેસોમાં ઉછાળો આવે છે. રાજધાની દિલ્હીએ કોરોનાના જઠરમાં પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી જેવી હસ્તીઓ હોમાઈ જતી જોઈ છે. કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને અંગાડી કોરોનાગ્રસ્ત થયા છે તો વછી દિલ્હી રાજય સરકારના ઉપમુખ્યમંત્રી પણ એથી બચી નથી શક્યા. ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી આર પાટિલને અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને ચેપ લાગી ચૂક્યો છે. મહિનાઓથી કોરોના સામે ઝઝૂમનાર પૂર્વ કેન્દ્રિય મંત્રી અને પૂર્વ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી હજી હોસ્પિટલ છોડી શક્યા નથી. કોરોનાએ ઉત્સવ પ્રિય પ્રજાનો મૂડ મારી નાખ્યો છે. એણે દેશના પ્રમુખ તહેવારો પર તાળાબંધી ફરમાવી છે. સૌથી વધુ નકારાત્મક અસર આખાંને આખાં સત્રો સુધી ઘરની ચાર દિવલો વચ્ચે પુરાઈ રહેલાં બાળકો પર થઈ છે. એમને નિશાળે જવું છે પણ સરકાર નિશાળો ચાલુ કરતાં થરથરે છે. ઓનલાઈન શિક્ષણ સદંતર બિનઉપયોગી નીવડ્યું છે. બાળકો ઊલટાંનાં ઈલેક્ટ્રોનિક રેડિયેશન વેઝનો શિકાર બને એવી સંભાવના સરજાઈ છે. બાળકોને ઘર બહાર રમવા નથી મળતું અને સતત ટીવી કે મોબાઈલ ઉપરાંત ઘરના જાણીતા ચહેરાઓથી ઘેરાયેલાં રહેવું પડે છે. એથી એમને અવનવી માનસિક સમસ્યાઓ શરૂ થઈ ગઈ છે. કેટલાંક બાળકો વારંવાર કંઈ ને કંઈ ખાતાં રહેતાં હોઈ એમનું વજન પણ વધી ગયું છે. ગૃહિણીઓને સતત ઘરમાં રહેતા ઘરવાળાની જોહુકમીનો ભોગ બનવું પડે છે. આ બધાનો સરકાર પાસે કોઈ જ ઈલાજ નથી. સરકાર તો નિર્દેશ જાહેર કરી ચૂપ થઈ જાય છે. હવે તો લોકોને માસ્ક અળખામણા લાગવા માંડ્યા છે અને સેનિટાઈઝર તો ગાયબ જ થઈ ગયા છે. પ્રજા કંટાળી ગઈ છે. કોરોના, તું ક્યારે જઈશ ?

# જાગ્યા, ત્યારથી સવાર !



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

સૌભરિ નામે એક ઋષિ. વાણી ઉપર એને પ્રભુત્વ. લોકો એને બૃહદ્વય સૌરભિ તરીકે ઓળખે. એ ભગવાન વિષ્ણુના ઉપાસક. વિષ્ણુનું એક નામ નારાયણ. કારણ કે જળ (નાર)માં એણનો નિવાસ. (અયન)

આથી સૌભરિએ એક વિશાળ જળાશય પસંદ કર્યું. જળમાં તપસ્યા શરૂ કરી. તપસ્યા લાગલગાટ બાર વરસ ચાલી. કિનારાના લોકોમાં એમની પ્રતિષ્ઠા હતી. તપના પ્રભાવે એને યોગની અણિમા વગેરે આઠ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ.

આ જળાશયમાં સંપદ્ નામના એક મત્સ્યરાજ આવીને વસ્યા. એના પરિવાર સાથે, આનંદકિલ્લો કરે. સૌરભિ આ જોયા કરે. ઈર્ષ્યાને કારણે, એને પોતાને આવું પારિવારિક સુખ ભોગવવાની ઈચ્છા થઈ. એણે હવે તપસ્યા છોડી દીધી !

એ વખતે અયોધ્યામાં ઈક્ષ્વાકુ વંશના રાજા માંધાતાનું શાસન. ઈશ્વાકુઓ કોઈ યાચકને નિરાશ ન કરે. સૌભરિ એની પાસે આવ્યો. એને રાજાને વિનંતી કરી. 'તમારી કન્યાઓમાંથી એકને મારી સાથે પરણાવો.' રાજાને મૂંઝવણ થઈ. 'આવા જીર્ણ પુરુષને મારે કન્યા કેમ આપવી?' પણ શું થાય? પોતાનું કુળવ્રત હતું. 'યાચકને નિરાશ નહીં કરવાનો.' એણે ઉપાય કર્યો. એણે સૌભરિને કહ્યું, 'અમારામાં કન્યાઓને સ્વયંવર હોય છે. એ જાતે વર પસંદ કરે. પછી અમે એને પરણાવી દઈએ.' સૌભરિએ સંમતિ આપી; અંતઃપુરમાં જવાની મંજૂરી લીધી.

રાજાએ રાજસેવકને બોલાવ્યો. એને સૂચના આપી. સૌભરિને રાજસેવક સાથે અંતઃપુરમાં મોકલ્યા. રાજસેવકે કન્યાઓને રાજાનો સંદેશ કહ્યો. પરંતુ ગંધર્વોથી પણ વધુ રૂપાળા યુવકનું રૂપ લઈ લીધું. અને આ રૂપ માત્ર રાજકન્યાઓને જ જોઈ શકે, બીજું કોઈ નહીં.

બધી કન્યાઓ તો આ રૂપાળા યુવકથી એક સરખી રીતે પ્રભાવિત થઈ ગઈ. દરેકને એની સાથે પરણવું હતું. અંતઃપુરમાં કલહ વધી ગયો. 'આને કોણ પરણે ?' સૌભરિએ કલહ શાંત કર્યો અને જાહેરાત કરી. 'તે બધી કન્યાઓને પરણશે ?' માંધાતા એ વિવાદ કરાવી આપ્યા.

સૌભરિ પોતાના આશ્રમે આવ્યા. એણે વિશ્વકર્માને આદેશ આપ્યો; તે મુજબ દરેક કન્યાને સુંદર આવાસ મળ્યા, સૌને ભૌતિક સુખસગવડ મળ્યા. પોતે અનેક સ્વરુપો ધારણ કરી લેતા. અને દરેક પત્નીઓને પતિસુખ આપતા.

એને પુત્રો થયા. એ પરણવા લાયક થયા, એટલે પરણાવ્યા. એમને પણ પુત્રો થયા.

કોઈક શાંત અને સુભાગી ક્ષણે એને આત્મમંથન પ્રગટ્યું.

'અરેરે ! મેં મારા વ્યક્તિત્વનું કેટલી હદે અધઃપતન કર્યું ? મારી ઋષિ પ્રકૃતિ. મારી તપસ્વીની પ્રતિષ્ઠા હતી. બીજાનું જોઈને ઈર્ષ્યાને કારણે મેં તપ છોડ્યું. પરિવારની ઈચ્છાથી રાજાઓ સંપર્ક કર્યો. યોગવિદ્યાને આશરે બનાવટી રુપ લીધું. અસત્યનો આશરો લીધો. એકનો પરણવાનું હતું. અનેકને પરણ્યો સુખ માટે યોગવિદ્યાથી અનેક રુપ લીધા. પહેલી ઈચ્છા ને જ સંયમથી દાબી દેવાની જરૂર હતી. એને બદલે એકમાંથી બીજી, એમાંથી ત્રીજી - એ રીતે ઈચ્છાઓ સંતોષતો જ ગયો. આ સ્થિતિ આવી ગઈ. આમાં ઈશ્વરપ્રણિધાન, આત્મવિદ્યા, તપોમય જીવન - બધું ખોવાઈ ગયું. કશો વાંધો નહીં. હજી મોડું થયું નથી. મોહ અને આસક્તિની નિદ્રા હવે પૂરી થઈ છે. હવે - જાગ્યા ત્યાંથી સવાર!'

એણે પરિવારને એકત્ર કર્યો. હાથ જોડીને વિદાય માગી લીધી. વનમાં પ્રસ્થાન કર્યું. ભગવાન વિષ્ણુની ભક્તિસભર ઉપાસનામાં મન લગાવી લીધું. પોતાના વ્યક્તિત્વને એમનાં શરણમાં મૂકી લીધું.

# તુલસીમાં રહેલું કયું તત્ત્વ જીવાણુઓની સંખ્યામાં ઘટાડો કરે છે?

## વિજ્ઞાન જગત



**ખજાનો**

અનિલ પટેલ

૧ તુલસીમાં રહેલું કયું તત્ત્વ જીવાણુઓની સંખ્યામાં ઘટાડો કરે છે?
(અ) યુજિનોલ (બ) આયોડિન
(ક) થાયરોક્સિન (ડ) કેલ્શિયમ

૨ મરાસ્મશ નામનો રોગ શાની ઊણપથી થાય છે?
(અ) વિટામીન (બ) ચરબી
(ક) ખનીજ (ડ) પ્રોટીન

૩ રેબીઝ વાઈરસથી નીચેનામાંથી કયો રોગ થાય છે ?
(અ) શીતળા (બ) ઈન્ફ્યુએન્ઝા
(ક) હડકવા (ડ) પાંડુરોગ

૪ ગ્રીન હાઉસ માટે કયો વાયુ મુખ્યત્વે જવાબદાર છે?
(અ) અંગારવાયુ (બ) નાઈટ્રોજન
(ક) સલ્ફર (ડ) મિથેન

૫ માનવ ખોરાકનો મુખ્ય સ્રોત કયો છે?
(અ) માંસ (બ) વનસ્પતિ
(ક) દૂધ (ડ) ઈંડા

૬ મુરાહ ઓલાદની ભેસ કયાં રાજયમાં જોવા મળે છે?
(અ) રાજસ્થાન-ગુજરાત (બ) ઉપ્ર. - બિહાર
(ક) હરિયાણા-પંજાબ (ડ) આંધ્રપ્રદેશ - ઉડિશા

૭ બાયોગેસમાં કયો સળગી શકે તેવો વાયુ હોય છે?
(અ) હાઈડ્રોજન (બ) બ્યુટેન
(ક) પ્રોપેન (ડ) મિથેન

૮ ડામરનું વૈજ્ઞાનિક નામ શું છે ?
(અ) ટાર (બ) આસ્ફાલ્ટ
(ક) જિપ્સમ (ડ) બોકસાઈડ

૯ સ્ટેઈનલેશ સ્ટીલમાં નીચેનામાંથી કઈ ધાતુ વપરાતી નથી?
(અ) લોખંડ (બ) નિકલ
(ક) ક્રોમિયમ (ડ) કોપર

૧૦ નીચેનામાંથી કયા રંગનો પ્રાથમિક રંગોમાં સમાવેશ થયો નથી?
(અ) પીળો (બ) લાલ
(ક) વાદળી (ડ) લીલો

૧૧ મર્ક્યુરીથી ફેલાયેલ મીનામાતા રોગ કયા દેશમાં જોવા મળ્યો હતો?
(અ) ચીન (બ) જાપાન
(ક) કોરિયા (ડ) ભૂતાન

૧૨ એસિડ રેઈન માટે મુખ્યત્વે કયો વાયુ જવાબદાર હોય છે ?
(અ) કલોરીન (બ) હાઈડ્રોજન
(ક) સલ્ફર ડાયોકસાઈડ (ડ) નાઈટ્રોજન

૧૩ હાઈડ્રોજન વાયુના શોધક કોણ હતા ?
(અ) ક્વોન્ડીશ (બ) રોબર્ટ વોઈલ
(ક) વોર્ન બેયર (ડ) લૂઈ - પાશ્ચર

૧૪ કયા વૈજ્ઞાનિકે ગર્ભ નિરોધક ગોળીની શોધ કરી હતી ?
(અ) ઈવા નોવેસ્કી (બ) લિવિરેન
(ક) જહોન ડાલ્ટન (ડ) પિનક્સ

૧૫ વિશ્વમાં સૌથી ઝડપી દોડનાર પ્રાણી કયું ?
(અ) કાંગારુ (બ) ચિત્તો
(ક) કાળિયાર (ડ) વાઘ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૨૫ સપ્ટેમ્બર : વિશ્વ નૌકા દિવસ / સામાજિક ન્યાય દિવસ**
  - પંડિત દિનદયાલનો જન્મદિવસ (૧૮૮૨)
  - ભારતીય સ્પિન બોલર બિશનસિંહ બેદીનો જન્મદિવસ (૧૯૪૬)
  - વિલિયમ ફોકનરની જન્મજયંતિ (૧૮૯૭)
  - અમેરિકામાં પ્રથમ પ્રિન્ટિંગ પ્રેસની શરુઆત (૧૬૩૯)
- **૨૬ સપ્ટેમ્બર : વિશ્વ બધીર દિન**
  - પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનો જન્મદિવસ (૧૯૩૨)
  - સંગીતકાર હેમંતકુમારનું નિધન (૧૯૮૬)
  - સદાબહાર અભિનેતા દેવાનંદનો જન્મદિવસ (૧૯૨૩)
- **૨૭ સપ્ટેમ્બર : વિશ્વ પ્રવાસન દિવસ**
  - ગાંધીવાદી અને સમાજ સેવક બબલભાઈ મહેતાનું નિધન (૧૯૮૧)
  - સરદાર વલ્લભભાઈના ભાઈ અને બેરીસ્ટર એવા વિઠ્ઠલભાઈ પટેલનો જન્મદિવસ (૧૮૭૩)
  - સચિને વનડે ક્રિકેટમાં ૧૮ સદીઓ બનાવી વિશ્વ રેકોર્ડ બનાવ્યો (૧૯૯૮)
  - રાજારામ મોહનરાવનું અવસાન (૧૮૩૩)
- **૨૮ સપ્ટેમ્બર : વિશ્વ હૃદય દિવસ**
  - ડૉ. લઈ પાશ્ચરનો જન્મદિવસ (હડકવાની રસીના શોધક) (૧૮૨૨)
  - કવિ નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉશનસ'નો જન્મદિવસ (૧૯૨૦)
  - અંતર માપવાના એકમ તરીકે મીટરને માન્યતા મળી (૧૮૮૯)
  - સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકરનો જન્મદિવસ (૧૯૨૯)
- **૨૯ સપ્ટેમ્બર : ઈન્ટરનેશનલ કોફી દિવસ**
  - અસત્ય અને અન્યાયનો સામનો કરનાર ફ્રેન્ચ સાહિત્યના પ્રસિદ્ધ નવલકથાકાર એમીલા ઝોલાનું નિધન (૧૯૦૨)
  - આયુર્વેદ વિજ્ઞાનના તંત્રી દુર્ગારામ કેવળરામ શાસ્ત્રીનું નિધન (૧૯૦૨)
  - ટીવી આર્ટીસ્સ સમીર સોનીનો જન્મદિવસ (૧૯૮૬)
- **૩૦ સપ્ટેમ્બર : ઈન્ટરનેશનલ ટ્રાન્સલેશન દિવસ**
  - ગુજરાતની પાયારુપ ઈમારતોના સર્જક ઈજનેર હિંમતલાલ ધીરજલાલનું નિધન (૧૯૨૨)
  - જાણીતા સાહિત્યકાર સ્વ ચીનુ મોદીનો જન્મદિવસ (૧૯૩૯)
  - પ્રખર ધારાશાસ્ત્રી, નીડર વિવેચક એમ સી ચાંગલાની જન્મજયંતિ (૧૯૦૦(
  - સાહિત્યકાર, ગઝલકાર, અમૃત ઘાયલની જન્મજયંતિ (૧૯૧૫)
- **૧લી ઓક્ટોબર : આંતરરાષ્ટ્રીય પ્રૌઢ દિવસ**
  - સાહિત્યકાર મણીલાલ દ્વિવેદીનું નિધન (૧૯૯૮)
  - એની બેસન્ટનો જન્મદિવસ (૧૮૪૭)
  - 'નાસા'ની સ્થાપના કરવામાં આવી (૧૯૫૮)
  - આંધ્ર પ્રદેશ ભારતનું એક નવું રાજય બન્યું (૧૯૫૩)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં લાલુ પ્રસાદના ખાસ અંગત સાથીદાર અને રાષ્ટ્રીય જનતાદળના કયા નેતાનું અવસાન થયું? જવાબ : રઘુવંશ પ્રસાદ સિંઘ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) રૂચિત એ પટેલ : રાંદેસણ (૪) પંકજ આર પટેલ : કુડાસણ (૫) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૬) ઋજિત રાવલ : સે-૭ડી (૭) જયેન્દ્રપ્રસાદ એન પાઠક : ઈન્ફો.જૂ.સા.કૉલેજ (૮) મૂળજીભાઈ પરમાર : સે-૭

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રીનું કોરોનાના કારણે અવસાન થયું?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# કોઈ લૌટા દો હમારે બીતે હુએ દિન



**હળવે હૈયે**

પ્રકાશ લાલા

'કાં શું ચાલે છે?'
'શ્વાસોચ્છવાસ... એ હજી ચાલે છે...'
'એણ એકદમ નિરાશના સૂર ના કાઢો...'
'બીજા સૂર છેડી શકાય એવું ઉત્સાહજનક વાતાવરણ જરાય દેખાય છે?'
'સંસાર છે એટલે એવું બધું તો ચાલ્યા કરવાનું !'
'પણ સાવ આવું? આટલું બધું ? માણસ જાયે તો જાયે કહાં ?'
'કેમ ?'

'જુઓને, કોરોના સામે ઝીંક ઝીલી રહ્યા છે ત્યાં હવે ચિકનગુનિયાએ માથું ઊચક્યું છે.. મેલેરિયા તો સીઝનલ છે જ.. એમાં ડેન્ગ્યુ ને થયું કે હું કેમ પાછળ રહી જાઉં તે એણે ય એન્ટ્રી મારી છે. આમાંથી કયારે કોની ઝપટે ચઢી જવાયે એની બીકમાં ફફડતા જીવે જીવવાનું છે... આસમાન સે ટપકે તો ખજૂર પે લટકે' જેવી દશા ન થાય એ જોવાનું... માટે તો કહ્યું કે જાયે તો જાયે કહાં ?'

'જુઓ, ભાઈ, આમાં આપણા હાથમાં હોય એટલું સાવધાનીપૂર્વક કરીને બચકે રહેના રે બાઈ બચકે રહેના હૈ.... બાકી, સંજોગો ને પરિસ્થિતિ જે સર્જાય છે તેને સાવ બદલવાનું કયાં આપણાં હાથમાં હોય છે ?' તેથી જ હૈયે રાખી હામ મારે કરવાનાં છે કામ.... હૈયે રાખી હામ મારે જીવવાનું છે આમ...' ગરબો ગાતા રહી મા આદ્યશક્તિની આરાધના કરવાની....'

'ખરા છો યાર, તમને નવરાત્રિનો મૂડ આવી ગયો?'

'તે મિત્ર,જો અધિક આસો માસ ન હોય તો આ દિવસો નવરાત્રીના જ હોત ને ? એમાં ય બાપલિયા ઠેર ઠેર માડી જગદંબાના ચાનકોએ, સોસાયટીઓમાં, ગરબા મંડપોમાં રંગે ચંગે માતાજીના આઠમના હવને પતી ગયા હોત.. ને એ.. ઈ... ને આજે તો નવલી નવરાત્રિના નવમાં નોરતાના રાસ-ગરબા ભારે આનંદે ઉમંગે રમી લેવા યુવાન હૈયાં થનગની રહ્યા હોત - રાતની તૈયારીમાં પડ્યાં હોત... કયાંક મહાઆરતિયુની - મહાપ્રસાદીની તડામાર તૈયારીઓ ચાલી રહી હોત, ગરબાપ્રેમીઓ આજે તો બરાબર માણી લેવાના મૂડમાં હોત ને કયાંક ગરબા વળાવવાની વિધિ પણ ચાલી હોત...'

'ધીરે, બાપુડિયા ધીરે, તમે તો નોરતાનું ટ્રેલર બતાવી દીધું... પણ આ વર્ષે તો નસીબમાં નવરાત્રિ કયાં ?'

'એટલે જ માણ્યું એનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણી... નવરાત્રિ - ગરબા ના સહી, જૂની ઊજવણીના સુંદર સંભારણા લોલીપોપની જેમ મમળાવવાં રહ્યાં.'

'હં, સાચી વાત છે....'

'અને ભગવાન પર ભરોસો રાખી, હૌશલા બુલંદ રખના હૈ....'

'એના વગર છૂટકો જ નથી. કેમ કે આટલું ઓછું હોય એમ હજી તો ત્રણ દા'ડા ભારે વરસાદની ને વાદળ ફાટવાની આગાહીઓ થઈ રહી છે...'

'સૌ સારા વાના થશે..'

'કયાં થયાં ? કયારે થશે ? અમુક જયોતિષિઓએ કહ્યું હતું કે ૧૬મી તારીખથી ગ્રહો સુધરે છે... એક ગૃહમાં ભેગા થઈને આ બધો ઉત્સાદ મચાવી રહેલા ગ્હો હવે સ્વગૃહે સ્વસ્થાને પહોંચી જશે ને શાંતિ સ્થપાશે... એનું શું થયું ?'

'કદાચ ગ્રહોએ સ્વગૃહે જવા પ્રસ્થાન કર્યું હશે જ પણ પૂર, રસ્તાનાં ધોવાણો, ખાડા-ભૂવા ને ટ્રાફિક જામના લીધે અધવચ્ચે જ કયાંક એ બધા અટવાઈ પડ્યા હશે !!'

'એવું જ થયું લાગે છે... ''અચ્છે દિન' આવવાની નવી તારીખની કોઈ જાહેરાત કોઈ ભવિષ્યવેતા જયોતિષીએ કહી છે ?'

'સબકી બોલતી બંધ કરી દીધી છે કોરોનાએ...'

'હં... સમૂહ પ્રાર્થનાથી કંઈ સારું થાય... પણ એ માટે ભેગા થવામાં ય જોખમ છે... કોરોનાનો ભય...'

'યાર, તમે કયારના કોરોના કોરોના કરો છો પણ ટીવી ન્યૂઝ જોતા તો લાગે છે કે એનું જોર ધીમું પડી ગયું છે...'

'શું ?'

'હા... ટીવી ઉપર તો એસ એસ આરની હત્યા - આત્મહત્યા ને હવે ડ્રગ રેકેટ ડ્રગ રેકેટ જ ટોપ પર છે.'

'આ બધી ૨૪ x ૭ ચાલતી ન્યૂઝ ચેનલ્સ અને રાજકારણીઓની રમત છે... એની ઉપરના જાવ...'

'ખેલાડીઓએ ખેલ તો કરતા જ રહેવા પડે ને? નહીં તો એમનાં માર્કેટ ડાઉન થવા લાગે... સાચું પૂછો તો ન્યુઝ વેલ્યુનો નહીં, ન્યુસન્સ વેલ્યુનો જમાનો છે... પમ છોડો આ વાત. તમે મારા મૂળ પ્રશ્નનો સરખો ઉત્તર ના આપ્યો.. શું ચાલે છે?'

'બીજું કંઈ ચાલતું નથી ને કહી શકાય એમ નથી એટલે હાલ તો પવિત્ર પુરુષોત્તમ માસના ઉપવાસ ને સત્સંગ ચાલે છે... કદાચ એથી પ્રભુ પુરુષોત્તમ રીઝે ને સૌનું શુભ કરે !'